# પરમાત્માની પુષ્પપૂજા

સંકલન:-મીતા શાહ
Jainam Jayati Shasanam WhatsApp-8898336677

=========================================

## પરમાત્માની પુષ્પપૂજા - ૦૧

## પુષ્પપૂજા એટલે શું ? તે શા માટે કરવાની છે?


**પુષ્પપૂજા એ પરમાત્માની અષ્ટપ્રકારી પૂજાનો એક પ્રકાર છે. પ્રભુના ગુણો મેળવવા માટે, પ્રભુ જેવા જ બનવા માટે કરવામાં આવતી પરમાત્માની અષ્ટપ્રકારી પૂજામાં પુષ્પપૂજા એ મન-વચન અને કાયાથી સમકિતની સુવાસ મેળવવા માટે કરવાની છે..**

**પુષ્પ સ્વયં પવિત્ર છે. તેના એક એક ભાગમાં સુવાસ અને સુગંધ ભરેલી છે. એવા સુગંધિત પુષ્પોથી પરમાત્માની પૂજા કરવા દ્વારા આપણા આત્મામાં રહેલા અનાદિકાળના મિથ્યાત્વના કુસંસ્કારોરૂપી દુર્ગંધ દૂર થઈ જાય અને આપણો આત્મા પણ પુષ્પ જેવો કોમલ, સુગંધી અને પવિત્ર બને તે માટે પુષ્પ પૂજા કરવાની છે.**

**શુદ્ધ ભાવપૂર્વક રોજને રોજ હૃદયના ઉછળતા ભાવપૂર્વક કરેલી પરમાત્માની પુષ્પ પૂજા અદ્ભૂત ફળ આપે છે. ભાવ વિનાની કોઈ પણ ક્રિયા રસ કાઢી નાખેલી શેરડી જેવી છે. ભાવ વાળી થોડી પણ ક્રિયા ગંડેરી જેવી છે અને પૂર્ણ ભાવ સાથે પરમાત્માની કરેલી પૂજા એ રસથી ભરપૂર શેરડીના સાંઠા જેવી છે. સંસારની કોઈ પણ ક્રિયામાં એવી તાકાત નથી કે જેવી તાકાત પરમાત્માની પૂજામાં રહેલી છે.**

**ક્રમશ:...**

=========================================


મંદાર
ચંપક
અશોક
પુંનાગ
નાગકેસર
પ્રિયંગુ
શિરીષ
મુદ્ગર
મલ્લિકા
જાઈ
જૂઈ
અંકોલ
પદ્મ
કોરંટ
દમનક
નવમાલિકા
બકુલ
તિલક
વાસંતિકા
કુટજ
ઉત્પલ
પાડલ
કુંદ
અતિમુક્ત
સહકાર

## પરમાત્માની પુષ્પપૂજા - ૦૨

### પ્રભુની પુષ્પપૂજા માટે કયા કયા પુષ્પોનો ઉપયોગ કરી શકાય?

પરમાત્માની પુષ્પપૂજા માટે સુગંધિત, ઉત્તમ, અખંડ તથા તાજા પુષ્પોનો જ ઉપયોગ કરવો જોઈએ જેવા કે...

ગુલાબ, મોગરો, જાઈ, જૂઈ મંદાર, ચંપક, અશોક, પુંનાગ, નાગકેસર, પ્રિયંગ, શિરીષ, મુદુગર, મલ્લિકા, અંકોલ, પદ્મ, કોરંટ, દમનક, પાડલ નવમાલિકા, બકુલ, તિલક, વાસંતિકા, કુટજ, ઉત્પલ, કુંદ, અતિમુક્ત, સહકાર વિગેરે...

પુષ્પો ઓળખવા માટે ઉપરોક્ત ઈમેજ મોકલાવેલ છે.

પ્રભુપૂજાથી શું શું મળે?
- ▫આપત્તિઓ આવે નહિ....
- ▫દુ:ખો દૂર થાય....
- ▫ મનની શાંતિ મળે....
- ▫ સુખ મળે.....
- ▫ વૈભવ મળે....
- ▫ સ્વર્ગ મળે....
- ▫ સદ્ગતિ મળે....
- ▫ પરંપરાએ મોક્ષ મળે...

પ્રભુપૂજાથી શું બની શકાય?
- ▫વીતરાગ બની શકાય...
- ▫પરમાત્મા બની શકાય...

ક્રમશ:....

==============================================================

## પરમાત્માની પુષ્પપૂજા - ૦૩

### પુષ્પપૂજા કરતી વખતે કઈ કઈ સાવધાનીઓ રાખવી જોઈએ?

-------------------------------------------

▪ પ્રભુજીને ચઢાવવા માટેના પુષ્પો સારા, સુગંધવાળા, તાજાં અને અખંડ હોવા જોઈએ.

▪ પુષ્પોને પાણીમાં રગદોળાય નહીં કે પુષ્પો પાણીથી ધોવાય નહીં કેમ કે પવિત્ર પુષ્પોને પાણી વડે ધોવાથી કે પાણીમાં રગદોળવાથી તેમાં રહેલા ત્રસ જીવોની વિરાધના થવાનો સંભવ છે.

▪ પુષ્પોની પાંદડીઓ છૂટી કરાય નહીં કે તોડાય નહીં અથવા તો તૂટેલી પાંદડીઓ પ્રભુજીને ચઢાવાય નહીં.

▪ જમીન ઉપર પડેલાં હોય અથવા આગલા દિવસના ચઢાવેલા પુષ્પો કે વાસી પુષ્પો પ્રભુજીને ચઢાવાય નહીં કેમ કે તેનાથી પરમાત્માની આશાતના થાય છે.

▪ પક્ષીની ચરક પડેલાં, ગંદા, જીવડાઓએ ખાધેલાં, ખંડિત થયેલા, કરમાયેલાં, અપવિત્ર મનુષ્યો વડે સ્પર્શાયેલા, અધમાંગને અડેલાં પુષ્પોથી પ્રભુપૂજા થઈ શકે નહિ.

▪ દેખાવમાં સારા હોય પરંતુ, સુગંધ વગરના કે દૂધ ઝરતું હોય એવા પુષ્પો પ્રભુજીને ચઢાવાય નહીં.

▪ પુષ્પો ઝાડ પરથી જાતે પડેલા હોવા જોઈએ. તે માટે ઝાડ નીચે શુદ્ધ કપડું પાથરીને હળવા હાથે ઝાડને હલાવીને નીચે પડેલા પુષ્પો ગ્રહણ કરવા જોઈએ.

▪ જો પુષ્પો તોડવાની જરૂરત ઊભી થાય તો પણ પ્રથમ વૃક્ષની રજા લઈ હું પુષ્પ તોડું? તેમ પૂછીને રજા લઈને પછી જ પુષ્પોના જીવોને કિલામણા ન થાય તે રીતે પુષ્પોને ચૂંટવા જોઈએ.

▪ મલિન વસ્ત્રમાં ગ્રહણ કરાયેલાં કે રખાયેલાં, અપવિત્ર પુષ્પો વડે તેમ જ પવિત્રતાના વિષયમાં શંકાવાળાં પુષ્પો વડે પ્રભુપૂજા થઈ શકે નહીં.

▪️ આંગી માટે અખંડ પુષ્પને તોડી પાંખડી કરાય નહિ કે પુષ્પો વીંધાય નહીં. ગુલાબ કે અન્ય પુષ્પનો હાથથી ગુંથેલો હાર જ ચઢાવવો જોઈએ. સોય-દોરાથી ગુંથેલી માળા ચઢાવવી નહીં. ક્રમશ:....

==========================================================

## પરમાત્માની પુષ્પપૂજા - ૦૪

? પુષ્પપૂજાનો દુહો -તેનો અર્થ:-

સુરભી અખંડ કુસુમ ગ્રહી,
પૂજો ગત સંતાપ,
સુમજંતુ ભવ્ય જ પરે,
કરીએ સમકિત છાપ.
(ૐ હ્રીં શ્રીં પરમ પુરુષાય પરમેશ્વરાય જન્મ-જરા-મૃત્યુ નિવારણાય, શ્રીમતે જિનેન્દ્રાય પુષ્પાણિ યજામહે સ્વાહા)

અર્થ :- જેનાથી સંતાપ નાશ થઈ જાય છે તેવા પ્રભુની હું સુગંધિત અને અખંડ પુષ્પોથી પૂજા કરું છું. જે પ્રકારે પુષ્પ પૂજા કરવાથી તે પુષ્પોને ભવ્યત્વનો શ્રેય પ્રાપ્ત થાય છે તે જ પ્રકારે મને પણ ભવ્યત્વનો શ્રેય પ્રાપ્ત થાય...

? પુષ્પપૂજા કરતી વખતે કઈ કઈ ભાવના ભાવવી જોઈએ?

▪️ હે પ્રભુ ! આપના ચરણોમાં પુષ્પ અર્પણ કરતી વેળાએ હું એવી ભાવના ભાવું છું કે - જેવી રીતે આ પુષ્પો પૂર્ણ વિકસિત, સુગંધિત અને કોમલ છે. તેનું જેવું સ્વરુપ છે તેવું જ દેખાય છે. તેનામાં કોઈ પણ પ્રકારની માયા ક્યાંય જોવા મળતી નથી. પરંતુ, મારા હ્રદયના તો ખુણે ખુણે માયા ભરેલી છે - હું અંદરથી વિચારું છું કાંઈ જુદું , બોલું છું કાંઈ જુદું અને કરું છું પણ કાંઈ જુદું જ. એટલે કે મારા આત્મામાં હજુ સરળતા આવી નથી. એટલે હે પ્રભુ ! આ પુષ્પપૂજાના પ્રભાવથી હું મારા સ્વભાવની એવી સ્થિરતા પ્રાપ્ત કરું કે જે મારા હૃદયની માયારૂપી કાલિમાને ધોવાવાળી હોય..!

▪ હે કરૂણાસાગર વિશ્વવાત્સલ્ય વિભુ ! હું તમને સુમનસ (પુષ્પ) અર્પણ કરુતી વખતે એવી ભાવના ભાવું છું કે – તેના પ્રભાવથી મારો આત્મા તમારા જેવા ગુણોથી સુવાસિત બને. મારું મન ક્રોધાદિ કષાયોથી રહિત બને અને મારામાં જીવદયારૂપી કોમળતા પ્રગટે...

▪ હે પ્રભુ ! સુમનસ એટલે કે પુષ્પ મનને સારૂ કરે એમ પણ કહી શકાય. એટલે આપ મને પણ આ પુષ્પપૂજાના પ્રભાવથી સારૂ, પ્રશાંત, પ્રસન્ન, પરાર્થ રસીક મન આપો. વળી હે પ્રભુ ! જેમ પુષ્પના ખુણે ખુણે સુવાસ અને સૌંદર્ય ભર્યું છે. એમ મને પણ સદ્ગુણોની સુવાસ અને સુકૃતોના સૌંદર્યની પ્રાપ્તિ કરાવો..

ક્રમશઃ....

==========================================================

## પરમાત્માની પુષ્પપૂજા – ૦૫

### ? પુષ્પપૂજાનો મહિમા બતાવતા જૈન ઈતિહાસના સર્વ શ્રેષ્ઠ દ્રષ્ટાંતો

**(૧) પાંચ કોડીને ફૂલડે, પામ્યા દેશ અઢાર,**
**રાજા કુમારપાળનો, વર્ત્યો જય જયકાર.**

પરમાત્માની પૂજા એટલે તેમના ચરણે આપણા કિંમતી દ્રવ્યોનું સમર્પણ. મહારાજા કુમારપાળે પૂર્વે જયતાકના ભવમાં તેમના શેઠ ઓઢવે તહેવારના પ્રસંગે તેમને વાપરવા માટે આપેલી પાંચ કોડીથી પરમાત્માની પૂજા માટે અઢાર પુષ્પો ખરીદ્યા. પહેલી જ વાર સ્વ-દ્રવ્યથી ખરીદેલા પુષ્પોથી જયતાકે ખૂબ ભાવ-વિભોર થઈને પરમાત્માની પુષ્પપૂજા કરી. એના પ્રભાવથી એમણે અઢાર દેશના રાજા બનવાનું પુણ્ય ઉપાર્જિત કર્યું. તેથી તેઓ ત્યારપછીના કુમારપાળના ભવમાં અઢાર દેશના રાજા બન્યા.

આ રાજ્યલક્ષ્મી પણ વૈભવ કરાવે તેવી લક્ષ્મી નહિ, પરંતુ ચોમાસામાં પૂર્ણ બ્રહ્મચર્ય, પરસ્ત્રી ત્યાગ, બાર વ્રતનો અંગીકાર વગેરે કેટલુંય અક્ષય ધનને પ્રાપ્ત કરાવનારી બની. પોતાના અઢાર દેશમાં સાત વ્યસનોને દેશવટો દેવડાવી દીધો અને ચોમેર જીવદયાનું કટ્ટર પાલન કરાવનારી બની. આવી બધી લક્ષ્મી સાચી આત્મલક્ષ્મી અને અક્ષયલક્ષ્મી કહેવાય છે. એનાથી એમણે

ગણધર પદનું પુણ્ય ઉપાર્જન કર્યું અને દેવલોકમાં ગયા. હવે આવતી ચોવીશીમાં એટલે કે ત્રીજા ભવમાં પ્રથમ તીર્થંકર પદ્મનાભ સ્વામીના ગણધર બનીને મોક્ષ પદને પ્રાપ્ત કરશે.

(૨) નાગકેતુ મહાત્માને પરમાત્માની પુષ્પપૂજા કરતા કરતા સર્પ કરડ્યો. પરંતુ, તેઓ સહેજ પણ વિચલિત થયા વગર પુષ્પપૂજાનું આલંબન અખંડ રાખીને શુભ ધ્યાનમાં સ્થિર બન્યા અને ચાર ઘાતી કર્મનો સર્વથા ક્ષય કરીને કેવળજ્ઞાનને પામ્યા.

(૩) હીલ્લર ગામનો અશોક નામનો માળી ગુરુદેવના મુખેથી પુષ્પ પૂજાનો મહિમા સાંભળી રોજ આદિનાથ પ્રભુની તાજા સુગંધી, મનોહર એવા નવ પુષ્પોથી પૂજા કરે છે તેના પ્રભાવે બીજા ભવથી ચારિત્ર પામીને વચ્ચે વચ્ચે ઉત્તરોત્તર ઉચ્ચ જાતિના દેવના ભવ કરીને અધિકાધિક સુખ પામે છે અને આ પ્રમાણે પહેલા ભવથી મનુષ્ય ભવોને ગણતા દરેક ભવમાં ઉતરોત્તર અધિક સંપત્તિના સ્વામી બનીને છેલ્લા નવમાં માનવ ભવમાં નરદેવ ચક્રવર્તી રાજા થાય છે અને શ્રી પાર્શ્વનાથ પ્રભુના હાથે ચારિત્ર લઈને સર્વ કર્મનો ક્ષય કરીને મુક્તિ સુખને પામે છે.
ક્રમશઃ....

============================================================

## પરમાત્માની પુષ્પપૂજા – ૦૬

**⍰ અહીં ઘણાને સવાલ થાય કે – પુષ્પમાં પણ વનસ્પતિકાયનો જીવ છે. છોડ પરથી તેને તોડવાથી તેના જીવને પણ પીડા થાય છે. તો પછી પૂજાની પ્રવૃત્તિમાં આવી હિંસામય પદ્ધતિનું વિધાન કેમ ?**

પરમાત્માની પુષ્પપૂજા માટે પુષ્પો ચૂંટતી વખતે, ખરીદતી વખતે કે પૂજા કરતી વખતે ઘણાને એવો સવાલ થતો હોય છે કે આપણા અહિંસા પ્રધાન શાસનમાં આવી હિંસાની પદ્ધતિ કેમ અપનાવવામાં આવી ? પણ આ પ્રશ્નને ખૂબ ગંભીરતાપૂર્વક વિચારવાથી એનો સુંદર અને તાર્કિક જવાબ આપણને મળશે. સૌથી પ્રથમ વાત તો એ કે એ પુષ્પના જીવનું આયુષ્ય કેટલું ? કેટલી ક્ષણોનું ? તે પુષ્પ કેટલું સુરક્ષિત છે ? જો કોઈ પણ પશુ, પક્ષી, પ્રાણીની નજરમાં આવી જશે તો તેની હાલત કેવી થશે? પુષ્પને કોઈ જનાવરના જીવ મોઢામાં લઈને ચાવશે તો શું તેને પીડા નહિ થાય ?

એટલું જ નહિ, માની લો કે કદાચ જનાવરના મુખમાં ન જાય તો પણ શું કોઈ બીજા લોકો તેને ચૂંટશે નહીં ? પુષ્પને આપણે પરમાત્માના ચરણોમાં સમર્પિત કરવા માટે ન ચૂંટ્યા હોત તો માળી પણ પોતાની આજીવિકાના સાધન સમાન પુષ્પને અવશ્ય ચૂંટશે. એ પુષ્પોને માળી અવશ્ય બીજાને વેચશે જ. એ પુષ્પનો ઉપયોગ સોય દોરાથી વેણી બનાવવામાં કે વાળોમાં ગૂંથવામાં કરવામાં આવશે. જેનાથી તે પુષ્પના જીવોને ખૂબ કિલામણા થશે થશે ને થશે જ...!

માટે જ ના, નહીં ! નહીં ! આવી રીતે પુષ્પને વેચીએ તો પણ તેને કિલામણા થશે, ચૂંટીએ નહીં તો પણ કિલામણા થશે જ. એના કરતાં તો પરમાત્માના ચરણોમાં પુષ્પને સમર્પિત કરવાથી તે પુષ્પ અવશ્ય સુરક્ષિત રહે છે.

જે પુષ્પો પૂજાના ઉપયોગમાં આવે છે, તેના જીવો અવશ્ય ભવ્ય હોય છે, એટલે એવા પુષ્પોને પરમાત્માની પ્રતિમા ઉપર ચઢેલા જોઈને એવી ભાવના ભાવિત કરવી કે "અહો ! આ પુષ્પનો એકેન્દ્રિયનો જીવ પણ કેટલો ભાગ્યશાળી છે કે એને પરમાત્માના ચરણોમાં સ્થાન પ્રાપ્ત થયું છે" એટલે જ પુષ્પ પૂજામાં હિંસા અથવા પુષ્પના જીવોને કિલામણા થવાની વાત અને તર્ક સરાસર વ્યર્થ છે.

પુષ્પપૂજાથી આ ભવમાં અને આવતા ભવમાં પદ-પ્રતિષ્ઠા અને પરંપરાએ મોક્ષ ફળ પ્રાપ્ત થાય છે. આ પૂજા દ્વારા કુમારપાળ રાજા અઢાર દેશને પામ્યા પરંતુ આપણું પુણ્ય તેવું પ્રબળ નથી તેથી અઢાર પાપ પણ આપણા ક્ષય થાય તેવી ભાવના સાથે હે સુજ્ઞ ભવીજનો ! દરરોજ પુષ્પ પૂજા અવશ્ય કરો...!

સંપૂર્ણ:......

===============================================================


**સંકલન:-મીતા શાહ**

**Jainam Jayati Shasanam WhatsApp-8898336677**


===============================================================